# નવસારી કૃષિ યુનિવર્સિટી
## એરૂ ચાર રસ્તા,નવસારી

**વંચાણેઃ–** (૧) કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી, નવસારીના પત્ર નં.ઈએલસી/ આચારસંહિતા/ વશી/ ૯૭૯૦/ ૨૦૧૨ તાઃ૩.૧૦.૨૦૧૨
(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃનકૃયુ/રજી/અ–૩–૩/વિ.સભા.સા.ચૂં–૧૨/૧૯૫૨૫–૭૪/૨૦૧૨. તારીખઃ૧૫/૧૦/૨૦૧૨.

## પરિપત્ર

ઉપરોકત વંચાણે લીધેલ કલેકટરશ્રી, નવસારીના પત્ર–૧ થી આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા માટે જણાવતાં અત્રેની કચેરીના વંચાણે લીધેલ ક્રમ–૨ ના પરિપત્ર થી તેનો અમલ કરવા સારૂં આ યુનિવર્સિટીના તાબા હેઠળની તમામ કચેરીઓને જણાવવામાં આવેલ છે.

સદર પરિપત્રમાં નિયમો/જોગવાઈઓ સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે. જેમાં બઢતી/બદલી તેમજ રજાઓ માટે સ્પષ્ટ દર્શાવલ છે. છતાં યુનિ.ની વિવિધ કચેરીઓના વડાશ્રીઓ તરફથી રજાઓ તેમજ અન્ય બાબતો માટે મંજુરી તેમજ માર્ગદર્શન માટે અત્રે મોકલવામાં આવે છે. જે વહીવટી દ્રષ્ટિએ યોગ્ય નથી.

આથી દરેક યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, યુનિટના કર્મચારી/અધિકારીશ્રીઓની રજાઓ મંજુર કરવાની સત્તાઓ દરેક યુનિટ અધિકારીશ્રીઓને છે. વંચાણે લીધેલ પત્ર–૧ માં દર્શાવેલ સુચનાઓ પૈકીની સૂચના નં.૨૬.૨ થી નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

"વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૨ ને કારણે તાઃ૩.૧૦.૨૦૧૨ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જેથી કર્મચારી/અધિકારીશ્રીઓની કોઈ પણ પ્રકારની રજા મંજૂર કરવી નહિં. તથા સદર સમયગાળા દરમ્યાન કોઈ પણ પ્રકારની રજા મંજૂર કરવામાં આવેલ હશે તો તે આપોઆપ રદ્દ થયેલ ગણાશે."

છતાં પણ જુદા–જુદા યુનિટ અધિકારીશ્રીઓ તરફથી રજા મંજુર કરવા બાબતે આ કચેરી પાસે માર્ગદર્શન/ મંજૂરી માંગવામાં આવે છે. જે યોગ્ય ન હોઈ, જે તે યુનિટ અધિકારીશ્રીઓએ તેમની કક્ષાએથી નિર્ણય લઈ ઘટતી કાર્યવાહી કરવી.

સદર પરિપત્રનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/વિ.સભા.સા.ચૂં–૧૨/૨૦૧૪૨-૯૧/૨૦૧૨.
નવસારી. તારીખઃ૨૫/૧૦/૨૦૧૨.

**કુલસચિવ**

**નકલ સવિનય રવાનાઃ–**
૧. કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂં.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂં.

**નકલ રવાનાઃ–** અત્રેની કચેરીની અ.ર.૪ શાખા તરફ જાણ તેમજ અમલ થવા સારૂં.